**<u>રેગ્યુલર સિવીલ મુકદમા નં. ૦૭/૨૦૨૧</u>**

## <u>આંક–૫ ની અરજી લગત હુકમ:–</u>

(૧) વાદીની હાલની અરજી સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧,૨ તથા કલમ–૧૫૧ હેઠળ વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલી છે. સદરહુ અરજી તથા રેકર્ડ ઉપર રજુ દસ્તાવેજી પુરાવા તથા આંક–૩૨ થી રજુ કાઉન્ટર એફીડેવીટ તથા પ્રતીવાદીનં.૩,૪,૧૭ તરફે આંક–૨૩ તથા પ્રતિવાદી નં. ૧,૨,૫,૬,૭,૮,૯,૧૧ તરફે આંક–૨૫ થી રજુ જવાબો તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.

(૨) કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી, દસ્તાવેજી પુરાવા તથા પ્રતીવાદીનો જવાબ ધ્યાને લેતા સદરહુ અરજીના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે.

### :: મુદ્દા ::

૧. શું વાદી સાબીત કરે છે કે તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમાં છે ?

૩. શું માગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ના આવેતો વાદીને નાણાંથી ભરપાઈ ના થઈ શકે તેવુ નુકશાન થવાની સંભાવના છે ?

૪. શું હુકમ ?

(૩) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છેઈ

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

(૪) મુદાઓના ઉપરોકત જવાબો અંગેના મારા નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

## <u>કારણો</u>

**<u>મુદ્દા નં. ૧ થી ૩:–</u>**

(૫) ઉપરોકત મુદા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય ચર્ચાનુ પુનરાવર્તન ન થાય તે માટે ત્રણેય મુદાની ચર્ચા એકસાથી કરવામાં આવેલ છે. વાદી તરફે હાલની કામચલાઉ મનાઈ હુકમની અરજી આ કામે ઉપર જણાવેલ મુદ્દા નં.૧ થી ૩ પરસ્પર એકબીજા ઉપર આધારીત હોઈ પુરાવાનુ બિન જરૂરી પુનરાવર્તન ના થાય તે સારૂ ત્રણે મુદ્દાની ચર્ચા એકી સાથે કરવી સુગમ અને સરળ હોઈ ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૬) સીવલ પ્રોસીજર કોડના ઓર્ડર–૩૯ રૂલ–૧,૨ મુજબ કામચલાઉ મનાઈ હુકમ માટેની અરજીના નીકાલ માટે પ્રથમદર્શનીય કેસની ચર્ચા કરવાની હોય ત્યારે કોર્ટે બન્ને પક્ષે રજુ

થયેલ પક્ષનીવેદનો તથા દસ્તાવેજો ઉપરથી સૌપ્રથમ દાવામાં કોઈ તકરારી મુદ્દો સમાયેલ છે કે કેમ? તે નકકી કરવાનુ હોય છે તથા કયો પક્ષે તે મુદ્દો તેની તરફેણમાં છે તેમ પ્રથમદર્શનીય રીતે દર્શાવી શકે છે કે કેમ તે નકકી કરવાનુ હોય છે. હાલના તબકકે કાયદા તેમજ હકીકત આધારીત પ્રશ્નો નિકાલ કરવાનો છે પરંતુ જે ચર્ચા કરવામાં આવે તે ફકત પ્રથમદર્શનીય કેસ પુરતીજ મર્યાદીત છે.

(૭) આ કામે વાદી તર્ફે મોજે ચમારીયાના ખાતા નં. ૧૬૫ના રે.સ.નં. ૦૯ તથા રે.સ.નં. ૩૭૬ તેમજ મોજે ગામ સંજેલીના ખાતા નં. ૧૦૬ના રેસનં. ૨૪ તથા ખાતા નં. ૧૬૭ના રે.સ.નં. ૨૦૬વાળી દાવાવાળી મીલકતો વાદી પ્રતીવાદીનં. ૧,૨ની વડીલોપાર્જીત અને સંયુકત માલીકીની હોવાનુ અને સદર મીલકતો પક્ષકારોના વડીલ મનજીભાઈ વીરજીભાઈ સેલોતની આવેલ અને તેઓએ તેમની હયાતીથી તેમના ચાર દીકરા નામે ભુરાભાઈ , જાલાભાઈ ,વાલાભાઈ અને લાલાભાઈ એમ ચાર પુત્રો પૈકી લાલાભાઈ બીન વારસ ગુજરી જતાં દાવાવાળી જમીનના ત્રણ સરખા હીસ્સા મુજબ પક્ષકારો પોતપોતાના હીસ્સા મુજબ સંયુકત ખેતી કરતા હોય છે અને દાવાવાળી જમીનમા રહેણાંકના મકાનો અને કુવો પણ આવેલ છે. આમ, દાવાવાળી જમીનમાં વાદીઓને ૧/૩ હીસ્સો આવેલ છે અને તે મુજબ પક્ષકારો પોતપોતાના હીસ્સામા સંયુકતમા સરખે હીસ્સે ખેતી કરી ઉપજ મેળવતા આવેલા છે પરંતુ ક્ષેત્રફળની દ્રષ્ટીએ પક્ષકારો વચ્ચે અસમાન વહેંચણી થયેલ છે અને પ્રતિવાદી નં. ૧,૨ છેલ્લા એક વર્ષથી વાદીનો હકક હીસ્સો પચાવી પાડવા બદદાનતથી ખોટી તકરારો કરી વાદીને ચાલુ સિઝનમા મકાઈનુ વાવેતર ન કરવા દેતાં દાવાનુ કારણ ઉત્પન્ન થયેલ હોવાનુ જણાવી હાલની દાવા અરજી જાહેરાત તથા મનાઈ હુકમ તથા હીસ્સા વહેચણી માટે કરી ચાલુ દાવે હાલની આંક–૦૫ની કામચલાઉ મનાઈ અરજી ગુજારી વાદીનો પ્રાયમાફેસી કેસ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોસ વાદીની તરફેણમાં હોવાનું જણાવી દાવાવાળી મીલકતમાં વાદીના ૧/૩ હીસ્સામાં વાદીને ખેતી કામ કરતા પ્રતિવાદી નં. ૧,૨ જાતે કે તેમના એજન્ટો મારફતે હેલો હરકત કરે કરાવે નહી તેમજ પાકને નુકશાન કરે કરાવે નહી તેવા કામચલાઉ મનાઈ હુકમની પ્રતિવાદી નં. ૧,૨નાઓની વિરુધ્ધમાં માંગણી કરેલ છે. વાદી તર્ફે માર્ક–૩/૧ તથા ૩/૨ થી પેઢીનામા તથા માર્ક–૩/૩ થી ૩/૯ સુધી ગામ નમુના નં. ૮ અને ૭/૧૨ના ઉતારાની નકલો રજુ કરેલ છે. જે જોતાં દાવાવાળી મિલકતો પક્ષકારોની સંયુકત માલીકીની હોવાનુ જણાઈ આવે છે. આ કામે પ્રતિવાદી નં. ૩,૪ અને ૧ ૭નાઓએ આંક–૨૩ થી જવાબ રજુ કરતાં જણાવેલ છે કે દાવાવાળી જમીનો પૈકી ચમારીઆ ગામે આવેલ રે.સ. નં–૧૦૬વાળી જમીન બાબતે તેઓને કોઈ તકરાર નથી જયારે ખાતા નં. ૧૬૭ થી રે.સ.નં. ૨૦૬વાળી જમીન તેઓની વડીલોપાર્જીત છે જેમા તેમના પિતા બારીયા દલાભાઈ દુધાભાઈ નુ નામ સામુહીક ભાગીદારી તરીકે નોંધ નં. ૨૪૨ થી દાખલ થયેલ અને તેઓ ગુજરી જતા

વારસાઈ હકકે અમો પ્રતિવાદીનું નામ નોધ નં. ૮૮૪ થી નામ દાખલ થયેલ છે અને સદર જમીનમાં ઉતર–દક્ષિણ ઉભા ભાગ પાડેલ છે અને પશ્ચીમ તરફનો પ્રતિવાદીનો અડધો હીસ્સો આવેલ છે. જયારે આંક–૨૫થી પ્રતિવાદી નં. ૧,૨,૫,૬,૭,૮,૯,૧૧ નાઓએ વાદીના દાવાનો પેરા વાઈઝ ઈન્કાર કરેલ છે.

આમ, ઉપરોકત પક્ષકારોના પ્લીડીંગ તથા રજુ દસ્તાવેજી પુરાવાઓ જોતા દાવાવાળી જમીન સંયુકત માલીકીની અને વડીલોપાર્જીત હોવાનુ પ્રથમદ્રષ્ટીએ જણાઈ આવે છે. વાદીના જણાવ્યા મુજબ દાવાવાળી જમીનમા તેઓનો ૧/૩ હીસ્સો આવેલ છે પંરતુ દાવાવાળી જમીનો પૈકી કયા સર્વે નંબરમા કઈ દીશા તરફ તેઓનો ૧/૩ હીસ્સો આવેલ છે તેવુ વાદીએ તેમની દાવાઅરજીમાં જણાવેલ નથી. આમ, રજુ રેકર્ડ જોતાં દાવાવાળી જમીન રેકર્ડ ઉપર વણવહેચાયેલી હોય તેમજ પક્ષકારો પૈકી કયા પક્ષકારનો કયા સર્વે નંબરમા કઈ દીશા તરફ હીસ્સો આવેલ છે તે હકકીત સ્પષ્ટ થતી ન હોઈ તેમજ દાવાના પક્ષકારો વારસાઈ આધારે દાવાવાળી જમીનના સંયુકત માલીક અને કબજેદાર હોવાનું પ્લીડીંગ્સ જોતાં સહમાલીક વિરુધ્ધ કામચલાઉ મનાઈ હુકમ જેવી સમન્યાચી દાદ સહમાલીક વિરુધ્ધ આપી શકાય તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત હોઈ , કામ ચલાઉ મનાઈ અરજીના સીધ્ધાંત મુજબ વાદી દાવાના અંતે સફળ થવાની શકયતાના આધાર ઉપર કામચલાઉ મનાઈ હુકમનો આધાર રહેલ છે. આ કામે વાદીઓ તેઓનો પ્રથમદર્શનીય કેસ હોવાનું રજુ પુરાવાથી પુરાવાર કરી શકેલ નથી, તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોસ વાદીની તરફેણમાં હોવાનું જણાઈ આવતું ન હોય જેથી મુદા નં. ૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં.૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- વાદીની આંક–૦૫ થી રજુ કામચલાઉ મનાઈ અરજી આથી નામંજુર (રીજેકટ) કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનેસરશે.

હુકમ આજ તારીખ ૩૦ માહે એપ્રિલ સને ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

તા. ૩૦/ ૦૪ /૨૦૨૨ ( જગદીશચંદ્ર જયંતિલાલ જાદવ )
સ્થળ :– સંજેલી. પ્રિન્સીપાલ સીવીલ જજ, સંજેલી.
Code No.G.J.0 1302